સૌની

# નિસ્બત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ

અંક : ૬ - ડિસેમ્બર-૨૦૧૮/જાન્યુઆરી-૨૦૧૯

શૈશવ

પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા




તમારી ભીતરમાં રહેલા સમગ્ર ખંડો અને જગતોના કોલમ્બસ તમે બનો;

નવા વેપારમાર્ગો નહિ, પણ વિચારમાર્ગો ખુલ્લા કરો.


**- થોરો વોલ્ડન**

# મહાત્મા અને મીરા

કોણ જાણે કેમ પણ મીરાં નામ સાથે જ પ્રેમ-મૈત્રી-પ્રાર્થના સંગોપાયેલ છે ! મીરાં નામે જાણે સમર્પણ,પૂર્ણતઃ સ્વાર્પણ ! પછી એ કૃષ્ણની ભકત મીરાં હોય કે મહર્ષિ ઑરોબિન્દોનાં મીરાં-શ્રી માતાજી હોય કે મહાત્મા ગાંધીનાં મિસ મૅડેલીન-મીરાં હોય ! શરણાગત,જીવનનાં અદ્વિતીય દૃષ્ટાંતો.આજે પણ જેમના જીવનમાં સુગંધ મહેસૂસ થઈ શકે તેવાં અને ન સમજી શકાય તેવા વ્યકિત વિશેષો.

થોડી પળ માટે તો વાત ગળે ન ઊતરે તેવી વિરલ ચેતનાઓ !

શ્રીકૃષ્ણ તો અવતાર હતા ને મહર્ષિ ઑરોબિન્દો તો પરમયોગી હતા,એટલે કદાચ મીરાં સમર્પિત થયેલ હોય,એવું કોઈ ધારી શકે.પણ ગાંધીજી તો એક સામાન્ય લાગતા જીવ પણ તેઓનાં વ્યકિતત્વની સચ્ચાઈ ને સાદાઈ એવી ભારોભાર કે એમની સેવા માટે બ્રિટીશ લેડી જીવન સમર્પિત કરી દે !! અચંબિત કરી દે તેવી દાસ્તાન છે મિસ મૅડેલિન સ્લેડ એટલે કે 'બાપુનાં મીરાંબેન' ની....




રેંટિયા બારસે મુંબઈના ગાંધી-સ્થાનક મણિભવનમાં જેનું લોકાર્પણ થયું તે પુસ્તક 'એક અનન્ય મૈત્રી : મહાત્મા અને મીરાં' નાં લેખિકા સોનલ પરીખે રોમાંચિત કરી મૂકે તે રીતે 'દાસ્તાને-બયાં' વ્યકત કરેલ છે.યજ્ઞ પ્રકાશન, વડોદરાએ મહાત્મા ગાંધીના જીવનની કડકાઈ અને દિલની નરવાઈ બંનને આબેહૂબ અભિવ્યકત કરતું આ પુસ્તક પ્રકાશિત કરીને 'ગાંધી-દોઢસો' ને ઉત્કૃષ્ટ શબ્દાંજલિ બક્ષી છે, એવું કહેવું અતિશયોકિત નહીં ગણાવું જોઈએ. બ્રિટીશ રૉયલ આર્મીના ઍડમિરલ પિતાની લાડકોડ ને જાહોજલાલીમાં ઊછરેલી દીકરી તે મિસ મૅડેલિન. બાગમાં અને વૃક્ષોની છાયામાં એકલા રમવાનું જેને ગમતું,ઘરની બહાર વીસ એકર જમીનના ખૂણેખૂણા ઘોડા અને જર્સી ગાયો સંગાથે ઘૂમી વળવા અને બિથોવાનના સોનાટાને દિલભરીને માણવા, એવા ચિત્રવિચિત્ર શોખ ધરાવનારા મૅડેલિન બત્રીસ વર્ષની ઉંમરે રૉમાં રોલાંએ લખેલી ગાંધીની નાની જીવનકથા વાંચે છે અને તેની જિંદગી વળાંક લઈ લે છે. મૅડેલિન પહોંચી જાય છે રૉમાં રોલાંના નિવાસે અને તેમના મુખે એક ઉદ્ગાર સાંભળે છે કે : 'મહાત્મા ગાંધી,બીજા ઈસુ ખ્રિસ્ત છે.' આ શબ્દો તેના અંતરમાં ઊંડા ઊતરી જાય છે અને તે એક વર્ષ પછી ભારત બંદરે ઊતરે છે ! (આ એક વર્ષ પણ ગાંધીએ પત્રથી કરેલ આગ્રહને કારણે મોડું કરેલું ! ) તેની પાસે છે બે પેટી ભરીને પુસ્તકો અને દિલ્હીથી મંગાવેલી સફેદ ખાદીમાંથી સીવડાવેલાં અડધો ડઝન ફ્રોક. હા, એ મહાત્મા ગાંધી સાથે આશ્રમજીવન જીવવા અને તેમના સિદ્ધાંતોને અનુસરીને ભારતના ગરીબોની સેવા કરવાનું વ્રત લઈ કાયમ માટે યુરોપ છોડી ભારત આવ્યાં ને ત્યારપછી ચોત્રીસ વર્ષ સુધી ભારત જ તેમનું ઘર બની ગયું. કદી મુલાકાત માટે પણ ઈંગ્લેન્ડ ન જ ગયાં. અરે, પોતાનાં માતા-પિતાના મૃત્યુ વખતે પણ નહીં !!

ગાંધીજી પ્રત્યેનો પ્રેમ કેટલો અગાધ કે ભારત આવતાં પહેલાં કાંતવા-વણવાનું શીખવાનું શરૂ કર્યું, લંડનમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થી પાસેથી ઉર્દૂ શીખવાનું ગોઠવ્યું, પલાંઠી વાળીને બેસવાની ને જમીન પર સૂવાની ટેવ પાડી અને પોતે દારૂ તથા માંસ છોડી દીધાં. અરે, ફ્રેંચ ભાષામાં ભગવદ્ગીતા અને ઋગ્વેદનો થોડો ભાગ પણ વાંચ્યો અને ભારતમાં બાપુના હિંદુ-મુસ્લિમ એકતા માટેના એકવીસ દિવસના ઉપવાસની વાત જાણી દુઃખી થઈ પ્રાર્થના રૂપે વીસ પાઉન્ડનો ચેક ગોધીજીને મોકલ્યો. આ વીસ પાઉન્ડ માટે પોતાની હીરાની પીન મૅડેલીને વેચી નાખી ! કાયમ માટે ભારત મહાત્માજી પાસે આવતી વખતે લશ્કરી પોષાકમાં સજ્જ પિતા એટલું જ બોલ્યા : 'સાચવીને રહજે અને પોતાને ગાંધી ભણી દોરી જનાર રૉમા રોલાંએ ભર્યા અવાજે કહ્યું: 'મૅડેલિન,તું ખૂબ ભાગ્યશાળી છે !'

ભાગ્યશાળી તો કેટલી હદે કે સાબરમતી આશ્રમમાં પહેલી જ વખત બાપુને મળનાંર મૅડેલીનને ઘુટણિયે પડેલ અવસ્થામાંથી પોતાનાં બે હાથે પ્રેમથી પકડી ઊભી કરતાં મહાત્મા બોલ્યા : 'તું મારી દીકરી થઈને રહીશ.'!! પોતાનાં માતા-પિતાને પળમાં છોડીને આવનાર મૅડેલિનને ભારતનાં માતા-પિતા સમાન બા અને બાપુનાં દીકરી બની રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડયું...! બધા ગાંધીજીને 'બાપુ' કહેતા હતા એટલે મૅડેલિને નક્કી કર્યું કે હું પણ એ જ નામથી બોલાવીશ, તેમણે પણ મનમાં બોલી જોયું 'બાપુ'.... બ અને પનો તેનો ઉચ્ચાર બીજા કરતાં જુદો પડતો હતો... પણ 'તેના બાપુ' અને 'બાપુની તે અન્ય કરતાં જુદાં જ હતાં ને !

સોનલ પરીખની લેખનયાત્રા, ચરિત્ર અને ચૈતન્યને આબેહુબ પ્રકાશિત કરે તેવી રહી છે. લેખિકાના ચિત્તમાં કોઈ વ્યક્તિ-ઘટના કે વાત પૂર્ણપણે વિશ્લેષિત થાય પછી જ તેને લેખિનીરૂપે શબ્દદેહ આપે છે. મુંબઈમાં આ પુસ્તકના લોકાર્પણ વખતે સોનલ પરીખે રજુ કરેલ કેફિયતના ત્રણ મુદ્દા અહી નોંધવા જેવા છે : (૧) મીરા મૂળે બ્રિટીશ ઈન્ડિયાના ઍડમિરલની દીકરી, વૈભવમાં ઊછરેલી, ધોડેસવારી કરતી, શિકાર ખેલતી ને બિથોવનના સંગીતમાં શાંતિ

શોધતી અંતે ગાંધીને સમર્પિત થઈ !! જયારે મોટરકાર અને વિમાનની શોધ નહોતી થઈ એ યુગમાં પણ ઈંગ્લેન્ડ-યુરોપમાં કેવી સ્વતંત્રતા કે મીરાંને બ્રિટીશ સામ્રાજય સામે લડતા માણસની શિષ્યા થતાં રોકાયાં નહીં !! સ્વતંત્રતાની આ વિભાવના જેના લોહીમાં વહેતી હોય એ સ્ત્રી ગાંધીજી પાસે આવીને પૂર્ણ શરણાગત બની ગઈ ! આ પરિવર્તન નાનુંસૂનું ન હતું. કલ્પના પણ ન આવે એવી શક્તિ એમાં જોઈએ હોં (૨) ગાંધીજી સાથેનું આટલું લાંબું એસોસીએશન ! ગાંધીજી મીરાંનાં સમપર્ણ, પરિશ્રમ અને ત્યાગને સમજતા હતા. પોતે એમની નાનામાં નાની કાળજી લેતા, મોટા નિર્ણયોમાં સાથે રાખતા વિશ્વાસ મૂકતા પણ કસોટી કરી તાવણી પણ કરતા ! સામે પક્ષે ગાંધીસેવા માટેની પૂર્ણ શરણાગતિ-સેવાની તત્પરતા અને કૃપાદષ્ટિની ઝંખના પણ વિસ્મયકારક હતાં ! શું તેઓની અવર્ણનીય મૈત્રીની આ જ ગૂંથણી હશે ? (૩) એક સ્ત્રી તરીકે મીરાંબેન ખાદી-મુંડન-જમીન પર સૂવાની ટેવ-હિંદી અને હરિજન સેવા- ગાંધીની આજ્ઞાનું પાલન છેલ્લા શ્વાસ સુધી કરતાં રહ્યાં અને તે પણ અકલ્પનીય ભક્તિભાવથી !... કોઈ પુરુષની ઝંખના જ નહીં ને સામેથી બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા !! શું હશે મીરાંના હિસ્સાનું સત્ય ?... ગળે ન ઊતરે ને ગહન વિચાર છતાં સમજી ન શકાય તેવી આ અનન્ય મૈત્રીની દાસ્તાન સોનલ પરીખ દ્વારા રસપ્રદ રીતે રજૂ થયેલ છે તેનો સંતોષ છે.

આ દાસ્તાન નાની-નાની પુસ્તિકાઓ દ્વારા ઘટના-પ્રસંગો ટાંકી આવતીકાલની યુવાપેઢી સુધી પહોંચે તે સમયની માંગ છે.સોનલના આ જ પુસ્તકમાંથી ત્રણથી ચાર નાની પુસ્તિકાઓ ઘટના-વિશેષ લઈને કરાવા જેવી છે. દાખલા તરીકે : 'મૅડેલિનનું બાપુ સાથેનું પહેલું મિલન' / 'માથું મૂંડન વિધિ' / 'પૃથ્વીસિંહ અને મીરાંબેન'...વગેરે...એક માસ્તરના નાતે પ્રકાશક અને લેખકને ગૃહકાર્ય આપી દેવાનું બન્યું છે તે આ વિરલ પુસ્તકની હાથવગી ફળશ્રુતિ ગણવી રહી !!

**- ભદ્રાયુ વછરાજાની**

**(સૌજન્ય : ભૂમિપુત્ર : અંક નં.૭, તા.૧૬-૧૨-૨૦૧૮)**



## પર્યાવરણના બાળકર્મશીલ

નામ છે : ગ્રેટા થનબર્ગ... ખરેખર ગ્રેટ છે ! ક્લાઈમેટ ચેન્જની સૌથી વધારે ગંભીરતાથી નોંધ ગ્રેટાએ લીધી છે. હાલમાં એની ઉંમર ૧૫-૧૬ વર્ષની છે. સ્કૂલમાં ભણે છે પણ ખરા અર્થમાં પૃથ્વી બચાવવાનો સંકલ્પ લીધો છે.

આઠ વર્ષની ઉંમરે એના કાને ક્લાઈમેટ ચેન્જ શબ્દ અથડાય છે ત્યારથી પોતાનું જીવન તેના માટે સમર્પિત કર્યું છે.

સ્વીડનની આ દિકરીને સમજાય છે તે વિશ્વના નેતાઓ, વૈજ્ઞાનિકો કે પર્યાવરણવાદીઓને સહજ સમજાતું નથી. તે કહે છે કે, 'જે કરવું પડે તેમ હોય તે આજે જ કરવું પડે અને મંત્રણાઓના નામે કાલ પર ઠેલી ના શકાય ! એટલે જ આ ગ્રેટા કહે છે કે બહુ થયું ! અમને બાળકોને અમારી આજ જોઈએ છે, આવતીકાલના વાયદા નથી જોઈતાં !'

આ ગ્રેટા રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલીને સંબોધન કરે છે, વિખ્યાત ટેડટોક આપે છે. ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમજૂતીઓ-કોન્ફરન્સો વગેરેને ફોલો કરે છે અને સતત કરી રહી છે કે જ્યારે સૌને ખબર છે કે દુનિયાના અસ્તિત્વનો સવાલ છે ત્યારે હજુ વળી વાતોના વડા કરવાં સુધી !

૧૧ વર્ષની ઉંમરે ગ્રેટા હતાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે. બોલવાનું બંધ થાય છે, ખાવા-પીવાનું છૂટે છે. બે મહિનાના સમયગાળામાં તો ૧૦ કિલો ઉપરાંત વજન ઉતરી જાય છે ! પાછળથી નિદાન થાય છે : અસ્પરગર સીન્ડ્રોમ ! ઓસીડી અને સીલેક્ટીવ મ્યુટીઝમ ! પણ હારતી નથી ! સંઘર્ષ કરે છે, પડકાર ઝીલે છે અને યાતનાપૂર્ણ જીવનમાંથી આગળ વધે છે.

ક્લાઈમેટ ચેન્જની અસરો અને પરિણામો વિષે બધાને બધું ખબર છે. પૃથ્વીના અસ્તિત્વ વિષે સૌ સચિંત છે અને છતાં કોઈ જ ઠોસ પગલા ભરાઈ રહ્યા નથી. જો અને તોની વચ્ચે બિનફળદાયી મંત્રણાઓ થાય, આંતરરાષ્ટ્રીય સમજૂતીઓમાંથી કેટલાક દેશ પોતાને અળગા કરે, વિકસિત અને વિકાસશીલ દેશોની વચ્ચે સંઘર્ષ થાય, વિકાસના એ મોડેલને અનુસરતા રહેવામાં આવે કે જેનાથી પૃથ્વીને ખતરો ઉભો થયો છે ! સ્વાર્થ અને સ્થાપિત હિતોની હિફાજત જ્યારે પૃથ્વીનો અંત નજીક દેખાઈ રહ્યો છે ત્યારે પણ એ વાત ! આ નાનકડી ગ્રેટાને આ બધું બેચેન બનાવી મૂકે છે !

એ કહે છે કે : આપણે માણસો અત્યંત અજનબી છીએ. બીજા પ્રાણીઓ જેવા જ પ્રાણીઓ છે પરંતુ પૃથ્વીની તાસીર બદલવા સક્ષમ છીએ ! ક્લાઈમેટ ચેન્જ-ગ્લોબલ વોર્મિંગ આ બધું ખરેખર સાચું છે તો એને અટકાવવાનું કામ આજે જ કેમ નથી થતું ? શું અમને બાળકોને તમે દોઝખ આપી જવા ઈચ્છો છો ?

પૃથ્વીની શિખર મંત્રણાઓથી લઈને શેરીઓ સુધી એ પોતાની વાત લઈને દોડી રહી છે. દેશ દેશના વડાઓને મળી રહી છે.



'Friday for Future - ભવિષ્ય માટે શુક્રવાર' એક અભિયાન - શાળા હડતાલ વૈશ્વિક ધોરણે શરૂ કર્યું છે. પોતાના દેશથી શરૂ થયેલું અભિયાન યુરોપમાં પ્રસરી રહ્યું છે. વિશ્વના બાળકો શુક્રવારે શાળામાં હડતાલ કરી સૌને જણાવી રહ્યા છે કે, 'જે કરવું પડે તે આજે શરૂ કરો - પૃથ્વી બચાવો.'

હમણા થોડા સમય પહેલા યુકેના વડાપ્રધાન થેરેસા મેએ - આ શાળા હડતાલ પર કોમેન્ટ કરી જણાવ્યું કે બાળકો શિક્ષણનો સમય બગાડી રહ્યા છે, તરત જ ગ્રેટા વળતો પ્રહાર કરીને - ના વળતો પ્રહાર નહીં પણ સત્ય ઉચ્ચારે છે કે : 'છેલ્લા ચાલીસેક વર્ષોથી આપ સૌ પણ સમય બગાડી રહ્યા છો - અમારાથી પણ વધુ !'

રાષ્ટ્રસંઘને સંબોધતા કે ટેડટોક સમય આપતા એ વાતની સતત યાદ અપાવે છે કે મોટેરાઓ વાતો ખૂબ કરે છે - એકશનમાં ઝીરો છે અને અમને ક્લાઈમેટ ચેન્જની ભયાનકતા દર્શાવે છે. પણ યાદ રાખો અમે આજના બાળકો છે - ભવિષ્યના નહીં. એ કહે છે કે, જે બાબત દિવા જેવી ચોખ્ખી બ્લેક એન્ડ વ્હાઈટ મને દેખાય છે તે તમે ક્યાં તો જોવા જ માંગતા નથી, ક્યાં તો ગંભીરતાનો કેવળ ડોળ કરો છો, ક્યાં તો બાળકો પ્રતિ કે પૃથ્વી પ્રત્યે તમારી કોઈ પ્રતિબધ્ધતા નથી.

પૃથ્વીને બચાવવા આજથી જ સામુહિક પગલા ભરવા જ જોઈએ. કોઈ બાંધછોડ ચાલી ના શકે. કોઈપણ સમાધાનકારી વલણ ચાલી જ ના શકે. કરવું પડે એટલે કરવું પડે... આ તેનો સંદેશ છે. આવો આપણે પણ તેની સાથે જોડાઈએ - પૃથ્વી બચાવીએ - આજે જ !

(વધુ વિગત : https://www.facebook.com/gretathunbergsweden/?ref=page_internal)



# બાળ અધિકાર તાલીમ અને સંશાધન કેન્દ્ર

બાળ અધિકાર તાલીમ અને સંશાધન કેન્દ્ર દ્વારા ડીસેમ્બર-૨૦૧૮ અને જાન્યુઆરી-૨૦૧૯, બે મહિના દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

**અન્ય સંસ્થાઓ માટે તાલીમ**

- ભરૂચ જિલ્લાના ગજેરા સ્થિત અતાપી સેવા ફાઉન્ડેશન દ્વારા ૫ ગામોમાં બાળ સંગઠનની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે તા.૧ અને ૨ ડિસેમ્બરના રોજ તેઓના કાર્યકરો સાથે બાળ અધિકારો તથા અન્ય પ્રવૃત્તિઓની તાલીમ ફાલ્ગુનભાઈ તથા અલ્પેશભાઈ દ્વારા આપવામાં આવી હતી.

  આ ઉપરાંત ૫ ગામના ૭૫ પ્રતિનિધિ બાળકો તથા ૬ કાર્યકર ભાઈ-બહેનો સાથે ૨૩ થી ૨૫ ડીસેમ્બરના રોજ ૩ દિવસની પ્રથમ બાળ નેતૃત્વ તાલીમ શિબિર કાવી મુકામે યોજવામાં આવી હતી. જેમાં બાળ અધિકારો, નેતૃત્વ, જવાબદારી, સંગઠન એટલે શું ? વગેરે મુદ્દાઓ પર તાલીમ ફાલ્ગુનભાઈ, અલ્પેશભાઈ, ગૌતમભાઈ તથા સંજયભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- લોકભારતી સણોસરા ખાતે નિયમિત રીતે દર વર્ષે બાલવાડી શિબિર યોજાતી હોય છે. આ વર્ષે બાલવાડી શિબિરમાં ૧૩ ડિસેમ્બરના રોજ લોકભારતીના વિવિધ વિભાગના ૨૩૮ વિદ્યાર્થીઓએ મૈત્રીની રમતની તાલીમ શૈશવના કાર્યકરો દ્વારા આપવામાં આવી હતી.
- નિયમિત તાલીમના ભાગરૂપે ૨૮ જાન્યુઆરીના રોજ સેવા-રૂરલ વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના શિક્ષકો સાથે તાલીમ યોજવામાં આવી હતી. જેમાં ફાલ્ગુનભાઈ અને અલ્પેશભાઈએ તાલીમ આપી હતી.
- લોકભારતી સંસ્થાના પીટીસી અને બી.એડના ૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓને તા.૧૯ ડિસેમ્બરના રોજ અનુભવ આધારિત રમતોના માધ્યમથી ગાંધીજીને જાણવા-સમજવા નૂતન પ્રવૃત્તિ અંગેની તાલીમ પારૂલબેન, ફાલ્ગુનભાઈ, અલ્પેશભાઈ, મનોજભાઈ વગેરેએ આપી હતી. આ વિદ્યાર્થીઓએ ત્યારબાદ શૈશવ-બાલસેનાના ૧૬માં વાર્ષિકોત્સવમાં સ્વયંસેવક તરીકે ઉમદા સેવા બજાવી હતી.



- બાળ અધિકાર સમુહ-ગુજરાત દ્વારા બગસરા ખાતે ક્ષેત્રિય મીટીંગનું આયોજન વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટના યજમાનપદે ૨૨ જાન્યુઆરીના રોજ આયોજીત કરવામાં આવી હતી. જેમાં જુદી-જુદી સંસ્થાઓમાં ૧૭ ઉપરાંત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઈ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે બાળ અધિકાર સમુહ-ગુજરાતના કન્વીનર શ્રી રાજેશભાઈ તથા વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટના શ્રી દેવચંદભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આગામી મીટીંગ ઢસા મુકામે ગોઠવવાની જવાબદારી શ્રીજી એજ્યુકેશન ફાઉન્ડેશને સ્વીકારી હતી.

**ચૂંટણી ઢંઢેરો**



બાળ અધિકાર સમૂહ-ગુજરાતના ઉપક્રમે ગુજરાતની બાળકો સાથે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિ બાળકો સાથે ૪ થી ૬ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે યુનિસેફના સહયોગથી આગામી ચૂંટણીઓને ધ્યાનમાં લઈ બાળકોની જરૂરિયાતો અને માંગણીઓને સમજવા તથા બાળકો પોતાની વાત રજૂ કરી શકે તે માટે ચૂંટણી ઢંઢેરો શિબિર યોજવામાં આવી હતી. જેમાં જુદા-જુદા ક્ષેત્રના તજજ્ઞોએ આવીને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ જૂથચર્ચાઓ દ્વારા બાળકોએ ચૂંટણી ઢંઢેરો તૈયાર કર્યો હતો.

આ ચૂંટણી ઢંઢેરો અને બાળકોની વાતોને સાંભળવા ભાજપ પાર્ટીના શ્રી જગદીશભાઈ ભાવસાર (ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ, અમદાવાદ), શ્રી મીનાક્ષીબહેન જોષી (પ્રતિનિધિ) વગેરેએ ઉપસ્થિત રહી બાળકોને પ્રેમપૂર્વક પ્રતિસાદ આપી સમગ્ર રજૂઆતને પોતાની પાર્ટી પાસે પહોંચાડવાની ખાત્રી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં શૈશવ સંસ્થાએ સક્રીય ભાગ ભજવ્યો હતો.

### ગુજરાત બાળ મંચનો ઢંઢેરો

- **શિક્ષણ :**

૧. મફત અને ફરજીયાત શિક્ષણના કાયદાના લાભ ૧૮ વર્ષ સુધી મળવા જોઈએ.
૨. મફત અને ફરજીયાત શિક્ષણના કાયદાનો અમલ કડક રીતે થવો જોઈએ.
૩. અમને મજા પડે તેવું શિક્ષણ મળવું જોઈએ.
૪. નવા જમાનાના સાધનો વડે શિક્ષણ મળવું જોઈએ (ખાસ તો વિકલાંગ બાળકોને)
૫. અમને કામ આપી શકે તેવું શિક્ષણ હોવું જોઈએ.
૬. એમ.એસ.સી.માં અમને લેવા જોઈએ અમને જાણ છે ત્યાં સુધી ઘણા મા–બાપો આ મિટિંગમાં આવતા નથી.

- **સુરક્ષા :**

૧. બધા બાળકોને ચાઈલ્ડ લાઈન વિશે માહિતી હોવી જોઈએ અને શાળામાં પણ તેનો પૂરતો પ્રચાર કરવો જોઈએ.
૨. રેલ્વે સ્ટેશન અને ફુટપાથ ઉપર રહેતા બાળકોને રહેણાઠ અને શિક્ષણની સુવિધા મળવી જોઈએ.

૩. અમારી સલામતી માટે શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરા ચાલુ હાલતમાં હોવા જોઈએ.
૪. અમને ૧૪ને બદલે ૧૮ વર્ષ સુધી બાળમજૂરીના કાયદા હેઠળ રક્ષણ મળવું જોઈએ.
૫. અમારી સલામતી માટે બધા રસ્તાઓ પર લાઈટો હોવી જોઈએ.
૬. દરેક ગામમાં અને દરેક વિસ્તારમાં બાળ સુરક્ષા સમિતિ હોવી જોઈએ.
૭. અમને મોટાઓમાંથી કોઈ ખરાબ ભાષથી, અડપલાઓથી કે બીજી રીતે સતાવે નહીં તે માટે કાયદાઓનો કડક અમલ થવો જોઈએ.
૮. અમને શાળાઓમાં શિક્ષકો દ્વારા સજા ન થવી જોઈએ.

➢ **આરોગ્ય :**

૧. આંગણવાડીમાં અમને ભાવે તેવો અને પૌષ્ટિક ખોરાક મળવો જોઈએ.
૨. મધ્યાહન ભોજનમાં અમને સારૂં, પૂરતું અને દિવસ પ્રમાણે નકકી કરેલ જમવાનું મળવું જોઈએ.
૩. સારવાર માટે પૂરતાં દવાખાનાં, ડોકટરો અને દવાઓ મળવી જોઈએ.
૪. અમને ખોરાક વિશેની સમજ શાળામાં મળવી જોઈએ.
૫. શાળામાં એવી સમજ આપો કે જેથી બાળકો વ્યસનથી દુર રહે.

➢ **વિકાસ :**

૧. બાળકોના વિકાસ માટે ગામેગામ રમત–ગમતના મેદાનો, તે માટેના શિક્ષકો, પ્રયોગશાળાઓ, લાઈબ્રેરીઓ, કમ્પ્યુટર અને રમકડા લાઈબ્રેરી અમને આપો.
૨. બાળકોના સર્વાંગી વિકાસ માટે ચેસ જેવી બૌદ્ધિક રમતો પણ હોવી જોઈએ.

➢ **મા–બાપના રોજગાર :**

૧. અમારા મા–બાપોને ગામમાં કામ મળી રહે તો બહાર કામ કરવા જવું ન પડે અને અમારે શાળા છોડવી ન પડે.
૨. મજૂરીમાં અમને નકકી કર્યા પ્રમાણે વેતન મળવું જ જોઈએ અને નરેગામાં કામ મળવું જોઈએ.
૩. માંદગી અને આફતો વખતે અમારા મા–બાપોની રોજી પડે તો પણ આવક ના બંધ થાય તે સરકારે જોવું જોઈએ.
૪. પર્યાવરણ ખેત પેદાશોના સારા ભાવ મળે તેવું ગોઠવો.

➢ **પર્યાવરણ :**

૧. કચરો સરખી રીતે ભેગો થવો જોઈએ અને તેનો નિકાલ સરખી રીતે થવો જોઈએ.
૨. શહેરોનો કચરો નદીઓ, નાળાઓ, કેનાલો અને ટ્રકો વડે ગામડાઓમાં ન ઠાલવવો .
૩. કારખાનાનાં ગંદા પાણી અમારા નદી, નાળા, તળાવોમાં ન છોડવા. આમ કરનારને કડક સજા થવી જોઈએ.
૪. સૂરજની ગરમીનો (સૂર્ય ઉર્જાનો) અને બાયોગેસનો વધુ ઉપયોગ થવો જોઈએ.
૫. બાળકોને રમવા માટે ખુલ્લાં મેદાનો હોવાં જોઈએ. ખાસ કરીને, શહેરોમાં તેમનું રક્ષણ થવું જોઈએ.
૬. અમારી આજુબાજુનાં ઝાડ કાપતાં પહેલાં અમને પૂછવું જોઈએ.
૭. ધૂમાડો કરે તેવા વાહનો બંધ કરવા જોઈએ.
૮. નવાં વાહનો ઓછાં કરવા જોઈએ.
૯. પ્લાસ્ટીક જેવા કચરાને રીસાયકલ કરવો જોઈએ.

➢ **આપત્તિઓમાં રક્ષણ :**

૧. અમને માગીએ છીએ કે કોઈપણ પ્રકારની આપત્તિમાં બાળકોના બચાવ અને સુરક્ષા અંગે પ્રાથમિકતા મળવી જોઈએ.
૨. અમને આપત્તિઓમાં પ્રથમ સ્થાનિક સેવાઓ અને સુરક્ષા મળે તે માટે આયોજન કરવું જોઈએ જેથી અમને અમારા સગાં–સબંધીઓ અને વતન સાથે જોડાયેલા રહીએ.

૩. અમે બાળકો રોજ–બરોજ સમૂહમાં ભેગા થઈએ છીએ તેવા સ્થળોએ, જેમ કે શાળાઓ, આંગણવાડીઓ કે કાર્યક્રમોમાં અમે સલામત રહી શકીએ તથા સરળતાથી બચાવ થઈ શકે તે પ્રકારની સલામત વ્યવસ્થા હોવી જોઈએ.
૪. શાળાઓ તથા વિસ્તારોમાં અમને પ્રેકટીસ મળી રહે તે માટે ડ્રીલ યોજાતી રહેવી જોઈએ.

## ➢ જેંડર (છોકરા–છોકરી વચ્ચે ભેદભાવ) અને બાળલગ્ન :

૧. અમે ઈચ્છીએ છીએ કે કોઈપણ પ્રકારના ભેદભાવ દૂર કરવા માં–બાપનું શિક્ષણ થવું જોઈએ.
૨. છોકરીઓને ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે માટેની સુવિધાઓ ઉભી કરવા અમે માંગણી કરીએ છીએ.
૩. બાળલગ્નના કાયદાનો કડક અમલ થવો જોઈએ તથા સમાજમાં જાગૃતિ માટે ખાસ કાર્યક્રમો થવા જોઈએ.
૪. અમે ઈચ્છીએ છીએ કે દહેજ પ્રતિબંધ કાયદાનો કડક અમલ થાય.
૫. અમે માંગીએ છીએ કે કિશોરીઓ તથા નાની છોકરીઓની સુરક્ષા માટેના કાર્યક્રમોને ખાસ મહત્વ આપી સરકાર તેમની સુરક્ષની ખાત્રી આપે.

## ➢ બજેટ :

૧. ભારતની કુલ વસ્તીમાં અમારી બાળકોની સંખ્યા જેટલા ટકા હોય તેટલા ટકા બજેટ બાળકો માટે વાપરવું જોઈએ.
૨. શિક્ષણમાં નફો કરતી ખાનગી શાળઓને કારણે સરકારી શાળાઓ બગડતી જાય છે, તેથી અમારે સહન કરવું પડે છે તો સરકારે વધારે પૈસા આપી સરકારી શાળાઓ સુધારવી જોઈએ.
૩. છોકરાઓમાં શિક્ષણ વધે તે માટે સારૂં કામ કરનાર શાળાઓ કે સંસ્થાઓને વધુ પૈસા આપવા બજેટ હોવું જોઈએ.

## ➢ વિકલાંગ બાળકો :

૧. અમારી બધી જ શાળાઓમાં વિકલાંગ બાળકો શાળામાં સહેલાઈથી આવી શકે તેવા મકાનો હોવા જોઈએ.
૨. વિકલાંગ બાળકો સાથે કામ કરી શકે તેવા શિક્ષકો હોવા જોઈએ.
૩. વિકલાંગ બાળકો માટે સરખી બેસવાની જગ્યા અને બ્રેઈલમાં પુસ્તકો હોવા જોઈએ.

## ➢ વંચિત સમુદાયના બાળકો :

૧. જંગલમાં રહેતા અમારા પરિવારોને ખેતી માટે જમીન મળવી જોઈએ.
૨. કેટલાક પરિવારોને મજબૂરીથી એવાં કામો કરવાં પડે છે કે જેને સમાજ હલકાં ગણે છે તેમના બાળકોની ઓળખ શાળાઓમાં બહાર ન આવવી જોઈએ.
૩. કામ સાથે સંકળાયેલ એચ.આઈ.વી. જેવા રોગની મફત સારવાર મળે તે પછી અમે સમાજમાં સારી રીતે રહી શકીએ તેવું વાતાવરણ ઉભું કરવું જોઈએ.
૪. વિચરતા સમુદાયોને આધાર–કાર્ડ જેવા પુરાવા મળે અને જયાં જાય ત્યાં લાભો મળે તેવી નીતિ બનાવો. આ બાળકોના શિક્ષણ માટે હોસ્ટેલો અને બીજી સુવિધાઓ મળવી જોઈએ.
૫. સ્ટેશન ઉપર અને ફુટપાથ ઉપર રહેતા બાળકો માટે સારી હોસ્ટેલો અને શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ.

## ➢ બાળકોની રાષ્ટ્રીય નીતિ અને એકશન પ્લાન :

૧. અમને લાગે છે કે દેશના બંધારણમાં બાળકોને અપાયેલા વચનોનું પાલન કરવા સરકારે વચન આપવું જોઈએ.
૨. અમે માંગીએ છીએ કે સંયુકત રાષ્ટ્રસંઘના બાળકોના અધિકારોના ખતપત્રને આપણા દેશે સ્વીકારેલ છે તેને ધ્યાનમાં રાખી બાળકોના અધિકારોનો એકશન પ્લાન નિયમિત થવો જોઈએ.
૩. બાળકોને લગતા દરેક કાયદા, કાર્યક્રમો અને યોજનાઓમાં બાળકની ઉંમરની વ્યાખ્યા એક સરખી (૧૮ વર્ષ)ની જ થવી જોઈએ.

## શૈશવ સંસ્થાના કાર્યકરોની તાલીમ

- ૧ ડીસેમ્બરના રોજ કમ્યુનિકેશન અંગે શૈશવના કાર્યકરોની તાલીમ યોજવામાં આવી હતી.
- ૨૩ અને ૨૪ ડીસેમ્બરના રોજ શૈશવ સંસ્થાના કાર્યકર બહેનો તથા પરિવારની બહેનોને વેનલીડો-સ્વરક્ષણ અંગેની વિશેષ તાલીમ પારૂલબહેન, દક્ષાબહેન અને ઈશાબહેન દ્વારા આપવામાં આવી હતી.
- ૩૦ ડિસેમ્બરના રોજ બાલસેના વિસ્તારોમાં કાર્યરત છે ત્યાં દર અઠવાડિયે યોજાતી નિયમિત પ્રવૃત્તિઓ અંગેની તાલીમ સંસ્થાના કાર્યકરો માટે અલ્પેશભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષની ઉજવણીના અનુસંધાનમાં ગાંધીજીના જીવન-કવનના મુદ્દાઓને અનુભવ આધારિત એકસર સાઈઝના માધ્યમથી વિકસાવવામાં આવ્યા હતા. આ વિશિષ્ટ રમતોની તાલીમ સંસ્થાના કાર્યકર ભાઈ-બહેનોને તા.૧૩ અને ૧૫-૧૬ જાન્યુઆરીના રોજ પારૂલબહેન અને ફાલ્ગુનભાઈ દ્વારા આપવામાં આવી હતી. તેમજ બાલદોસ્ત શ્રી બિપિનભાઈએ ગાંધીની વાતો કરી હતી. આ ઉપરાંત ગાંધી ફિલ્મ સૌએ નિહાળી હતી. ત્યારબાદ બાલસેનાના ૧૬માં વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં આ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.




- ૫ જાન્યુઆરીના રોજ પર્યાવરણની પ્રવૃત્તિઓના ભાગરૂપે વેસ્ટ મેનેજમેન્ટ અંગેની તાલીમ સંસ્થાના કાર્યકરો માટે મનોજભાઈ તથા ઈશા બહેને આપી હતી.
- ૨૩ જાન્યુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય કિશોર દિવસની ઉજવણી નિમિત્તે કાર્યકરોની મનોજભાઈ તથા ઈશાબહેને પ્રવૃત્તિઓ અંગેની તાલીમ આપી હતી.

## આરણ્યક

શૈશવ દ્વારા નૂતન પહેલ - 'આરણ્યક', બાળકો દ્વારા સંચાલિત એવી પોતીકી જગ્યા, જ્યાં શિક્ષણ અને વિકાસનું નેતૃત્વ સ્વયં બાળકો કરતા હોય અને આગળ વધી સમાજ નિર્માણમાં પ્રદાન કરવા તત્પર બને, બાળકો દ્વારા સામાજીક ન્યાય, સાદગીપૂર્ણ-વિવેકપૂર્ણ જીવન અને સાતત્યસભર પર્યાવરણ પ્રત્યેની કટિબધ્ધતા માટેની મથામણ ચાલતી હોય !

આમ શીખતું-શીખવતું જંગલ... આ દિશામાં કંઈક કરવાની વાત-વિચાર ઘણા સમયથી ચાલતા હતાં, અને તેનું પ્રથમ કદમ ૧૩ ડિસેમ્બર-૨૦૧૮, ગુરૂવારના રોજ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પોમલાપાડા ગામમાં સૌના સથવારાની શ્રધ્ધા સાથે આપણે ભર્યું ! સેવા-રૂરલના પ્રણેતા અને સ્થાપક ડૉ. લતાબહેન, પોમલાપાડાના મકાન વાપરવા આપનાર સામભાઈ તથા ગામના બાળકોના હસ્તે દિપ પ્રાગટ્ય અને થોડાંક મિત્રો-શુભેચ્છકોની ઉપસ્થિતિમાં કાર્યનો શુભ પ્રારંભ બિન ઔપચારિક કાર્યક્રમ દ્વારા કર્યો ! સામપરપાડા ગામની કેન્દ્રવર્તી શાળાના ૨૫૦ બાળકો તથા આશ્રમશાળાના ૧૫૦ બાળકો સાથે પ્રવૃત્તિ આધારિત બે બાળમેળા પણ કર્યા હતા.



૨૫ વર્ષ ભાવનગરમાં, બાળકો સાથેના કાર્યોમાંથી જે શીખવા મળ્યું તેને અંકે કરી આ નૂતન પહેલ 'આરણ્યક' શરૂ કરી છે.

ત્યારબાદ ૨૮ ડીસેમ્બરથી ૩ જાન્યુઆરી દરમ્યાન ભાવનગરની ટીમ દ્વારા બીજી મુલાકાત પોમલાપાડાની કરવામાં આવી હતી. આ દરમ્યાન સેજપુર, અમલાવાડી, કજાલ અને ફૂલસર ગામોમાં બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરવા ઉપરાંત વિસ્તારના અન્ય ગામોની મુલાકાત દ્વારા, ગામલોકોએ, શિક્ષકો અને બાળકોને મળ્યા અને વિસ્તાર સાથે નાતો જોડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ સાથે આ કાર્યક્રમ અંગેની ટૂંક નોંધ સામેલ છે. આપની તમામ પ્રકારની મદદ અને શુભેચ્છાઓ આવકાર્ય છે.

"આજે બાળક ખંડ-ખંડમાં વહેંચાયેલું છે. બાળક કોઈક મા-બાપનું સંતાન છે, કોઈકનો વિદ્યાર્થી / વિદ્યાર્થીની છે. બાળકના અખંડ વ્યકિતિત્વનો સ્વીકાર નથી. સહભાગિતા નથી. બાળકે કેમ વિકસવું-કેટલું વિકસવું કે શિક્ષણ મેળવવું કે જીવનનું ઘડત્તર કરવું એ બધું જ કોઈકના હાથમાં છે.

બાળકના અનેક પ્રકારે શોષણ થાય છે. બાળકની સલામતી શિક્ષણમાં પણ નથી. શારીરિક કે માનસિક સજા ઉપરાંત માર્ક, ગ્રેડ અને સ્પર્ધાનો ભારેખમ બોજ, અસમાન શિક્ષણ વ્યવસ્થા કે પછી સ્થળાંતર, વિષમ જીવન અનેક ભેદભાવ આ બધાની વચ્ચે બાળકનું બાળપણ ક્યાં એ મોટો યક્ષ પ્રશ્ન છે.

શૈશવ સંસ્થાની શરૂઆત કરી ત્યારે મજૂરી કરતાં-શાળામાં ન જતાં બાળકો શાળા શિક્ષણ મેળવતા થાય તેવા સીમિત સમજણથી કરી હતી પરંતુ જેમ જેમ બાળકો સાથે મિત્રો બની એમની સાથે ચાલતા રહ્યાં તેમ તેમ બાળપણના વિરાટ પ્રશ્નો, પડકારો, સંઘર્ષો સમજાવા લાગ્યા ! અને ᷂બાળપણ᷂ની અવિરત ખોજ અમારા સૌના માટેનું ધ્યેય બન્યું ! આ ખોજયાત્રામાં બાળકોની સાથે અમે છીએ.

બે દાયકા દરમ્યાન તમામ બાળકોને બાળ અધિકારો સમાન રીતે મળે, ખાસ કરીને વંચિત બાળકોને કેન્દ્રમાં રાખી બાળપણની સમજના અમારા વર્તુળને સતત વિસ્તારતા રહ્યાં છીએ ! બાળકોનો સાથ અને અનુભવો બાળપણને સમજવાના નવા અર્થો અમને આપતું રહ્યું છે.

બાળપણ એટલે શું ? એના અર્થો જેમ - જેમ સમજતા ગયા તેમ તેમ બાળકો સાથેના કાર્યોમાં સમજણનો વિસ્તાર અને ઊંડાણ વધતા ગયા, મર્યાદાઓ સમજાતી ગઈ. બાળક મજૂરી છોડી શાળામાં ભણતું થઈ જાય એટલે કાર્ય પૂરૂં નથી થતું, અને એટલે જ શૈશવનું કાર્ય બહુઆયામી બની રહ્યું છે.

આ બધામાંથી જે શીખ મળી તેમાંથી કેળવણીનાં નૂતન કાર્યક્રમનું ચિત્ર વિકસ્યું છે.

શાળા નહીં, વૈકલ્પિક શિક્ષણ કે માત્ર વ્યવસાયિક શિક્ષણ નહીં, પરંતુ બાળકોની પોતાની શીખવાની એવી જગ્યા કે જ્યાં બાળક પોતે નેતૃત્વ લઈ જીવન અંગેની સમજ કેળવે, જ્યાં પરસ્પર સહજીવનના આદર દ્વારા નૈસર્ગિક વિકાસ કરે અને વયસ્કો એમના મિત્ર બની ટેકો કરતા રહે.

સહજીવન દ્વારા કુદરતને સાચવે - સંવર્ધન કરે, પરાસ્પરાવલંબન દ્વારા એક-મેકના વૈવિધ્યતાને આદર આપે, સંસ્કૃતિઓના આવિર્ભાવને સમજે - ઓળખે અને પ્રેમના મૂલ્યોને વિસ્તારે, વિચારોની તાજગીને સ્પર્શે - બંધિયારપણાથી ખૂલ્લા તરફ વિકસે, દરેકની શક્તિ - મર્યાદાને ઓળખે - ટેકો કરે અને જે છે તેને હૃદયથી આવકારે, ન્યાય - સમાનતા - બંધુત્વ દ્વારા ઐશ્વર્યોને પામવા મથામણ કરે - સાથોસાથ સંતોષ અને સૌનો ખ્યાલ કરી સાદગી દ્વારા જીવનને પામે, વિકાસના સાચા ખ્યાલને વિકસાવે એ કેળવણી પામવાની મથામણ જીવનનો ક્રમ બને સમજણ બને અને જીવવા માટેની પ્રેકટીસ થાય તેવી સમજણ એટલે " આરણ્યક"

**હેતુઃ**

- સ્વસ્થ જીવન (સ્વસ્થ બાળક = સ્વસ્થ નાગરિક = સ્વસ્થ સમાજ)
- સાતત્યપૂર્ણ પર્યાવરણ
- સામાજિક ન્યાય
- નિસ્બત - તમે બધા છો માટે હું છું

**આરણ્યક**

એટલે

ખુલ્લી અને મુકત શીખતી - શીખવતી જગ્યા

બાળકો અને વયસ્કોની મિત્રતા જીવન જીવવા માટેનું પ્લેટફોર્મ હોય.

**શીખવું - શીખવવું એટલે....**

* વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ પ્રત્યે આદર અને સમજ
* મૈત્રી - એકતા, સમાનતા અને સ્વતંત્રતા
* સ્થાનિક વૈશ્વિક સમજણ
* સામર્થ્ય વિકાસ દ્વારા સમાજને પ્રદાન
* સૌનો સમાવેશ - આદર અને એકમેકના સથવારે સહજપણે જીવાતી જીવનશૈલી

**આ માટે.....**

* રસ - રૂચિ મુજબ ધોરણ વિહિન ખૂલ્લા વર્ગો
* અનુબંધનું શિક્ષણ અને સંવર્ધન
* વિશ્વના અનેકવિધ પડકારોને ઓળખી - તેના નિવારણ માટે "પ્રથમ મારી ફરજ"થી લઈને સૌ 1

- સાતત્યપૂર્ણ પર્યાવરણ
- હાલના વિકાસના મોડેલ અંગે પુનઃચિંતન અને નૂતન સમજણ
- પુનઃ પ્રાપ્ય ઉર્જા
- સ્થાનિક આર્થિક સ્વાયતતા
- જૈવવૈવિધ્ય અને સાતત્યતા
- સ્થાનિક સંસાધનોનું વ્યવસ્થાપન - ઉત્પાદન
- સજીવ ખેતી અને સ્વાસ્થ્ય / ખેત વ્યવસ્થાપન
- નાગરિક કેળવણી
- પાણી વ્યવસ્થાપન
- ગામને ઓળખો-જાણો-જીવો
- કુદરત સાથે જોડાણ-જંગલ મારું જીવન
- નેતૃત્વ અને જીવન કૌશલ્ય વિકાસ
- માનવીય ટેકનોલોજી, એન્જીનીયરીંગ
- સંસ્કૃતિ, કલા / સાહિત્ય વૈભવ અને વારસો
- એન્થ્રોપોલોજી

# ચાઈલ્ડ લાઈન




ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ દ્વારા ડિસેમ્બર-૨૦૧૮ અને જાન્યુઆરી-૨૦૧૯ દરમ્યાન નિચે મુજબની કામગીરી થઈ હતી.

- ડિસેમ્બર-૨૦૧૮ અને જાન્યુઆરી-૨૦૧૯ દરમ્યાન ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ના પ્રચાર-પ્રસાર માટે ભાવનગર શહેરની અલગ અલગ ૨૫ સ્કૂલમાં ચાઈલ્ડ લાઈન ટીમ મેમ્બરો દ્વારા કુલ ૮૨૬૦ બાળકોને ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ની તેમજ સરકાર દ્વારા ચાલતી સ્કીમ અંગે અને સંસ્થા પર ચાલતા કાઉન્સેલીંગ સેન્ટર અંગે માહિતી આપવામાં આવેલ તથા પત્રિકા વિતરણ કરેલ અને સ્કૂલના ૨૪૮ શિક્ષકોને ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ની માહિતી આપવામાં આવી હતી.
- શહેરની ૧૪ આંગણવાડીના ૨૮ કાર્યકરો અને હેલ્પર બહેનો તથા ૬૯૧ બાળકો અને વાલીઓને ચાઈલ્ડ હેલ્પ લાઈન વિશેની માહિતી અને પત્રિકાનું વિતરણ કરેલ. આંગણવાડી પર ચાઈલ્ડ હેલ્પ લાઈનના સ્ટીકરો લગાવવા ઉપરાંત આંગણવાડીના બાળકોને રમતો રમાડી અને ચાઈલ્ડ હેલ્પ લાઈનની સમજ આપી હતી.
- આ મહિનાઓ દરમ્યાન થોરડી, બુધેલ, નારી, ઉમરાળા અને કમળેજ જેવા ૫ ગામની મુલાકત લઈ ગામમાં જઈને ચાઈલ્ડ હેલ્પ લાઈનનો પ્રચાર-પ્રસાર કરવાની સાથે ચાઈલ્ડ હેલ્પ લાઈનની પત્રિકાનું વિતરણ કર્યું હતું. ગામમાં આવેલ ૪ સીએચસી (કોમ્યુનીટી હેલ્થ સેન્ટર), ગ્રામ પંચાયત, સ્કૂલ, આંગણવાડી તથા અન્ય સંસ્થાની મુલાકાત કરી ચાઈલ્ડ હેલ્પ લાઈન વિશેની માહિતી આપી હતી.
- આ મહિનાઓ દરમ્યાન શહેરના જુદા જુદા વિસ્તારોમાં જઈને આઉટરીચ કરેલ, પત્રિકા વિતરણ કરેલ. વિસ્તારમાં ૭ ઓપન હાઉસ કરેલ જેમાં ૩૭૮ બાળકોને પ્રવૃત્તિ કરાવી હતી. જેમાં વિસ્તારના ૧૨૫ વાલીઓ સામેલ થયા હતા. બાળકોને તેમના પ્રશ્નો અને સમસ્યા શું છે તથા તેનું નિરાકરણ કેવી રીતે લાવવું તે અંગેની વાત કરેલ અને ચાઈલ્ડ હેલ્પ લાઈન તથા કાઉન્સેલીંગ સેન્ટર અંગેની માહિતી આપી, પત્રિકા વિતરણ કરી હતી. આઉટરીચ દરમ્યાન ૨૮ કોમ્યુનીટી મીટીંગ કરેલ જેમાં ૫૯૧ સભ્યો જોડાયા હતા. આમ વિસ્તારમાં કુલ ૧૨૯૫ બાળકો સાથે પ્રવૃત્તિઓ કરી હતી. વિસ્તારમાં આવેલ ૯ પીએચસી સેન્ટરની મુલાકાત લીધેલ જેમાં ૫૬ કાર્યકરો-વાલીઓને મળેલ. તેઓએ ચાઈલ્ડ લાઈન માહિતી આપી સ્ટીકરો લગાવ્યા હતા.
- આ મહિનાઓ દરમ્યાન વિસ્તારમાં બાળ સમિતિની ૩૧ મીટીંગ કરેલ, જેમાં ૯૮ બાળકો અને ૩૦૪ સભ્યો જોડાયા હતા. તેઓએ પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરેલ. જેમાં રસ્તાના, બમ્પના તેમજ પાણીના પ્રશ્નો નોંધાયેલા છે અને આ પ્રશ્નોના નિરાકરણ માટેના પ્રયત્ન ચાલી રહ્યા છે.
- આ મહિનાઓ દરમ્યાન વિસ્તારમાં આવેલ ૬ હોસ્ટેલની મુલાકાત લઈ ૩૨૩ બાળકો અને તેના ૧૪ જેટલા સંચાલકોને ચાઈલ્ડ લાઈન વિશેની માહિતી અઆપવા ઉપરાંત સ્ટીકરો લગાવ્યા હતા.
- આ મહિનાઓ દરમ્યાન રાજ્યસ્તરે અને જિલ્લા સ્તરે યોજાયેલ ૩ ટ્રેનિંગમાં ચાઈલ્ડ લાઈન ટીમ મેમ્બરોએ ભાગ લીધેલ હતો.
- આ બે મહિના દરમ્યાન કુલ ૩૭ કેસ નોંધાયેલ છે જેમાં સીસીસીમાંથી ૩૦ કેસ અને આઉટરીચમાંથી ૭ કેસ આવેલ. જેવા કે મેડિકલ હેલ્પ, ચાઈલ્ડ મેરેજ, કન્ફલીટ વીથ લો, લીકીંગ વીથ સ્કીમ, મીસીંગ એન્ડ ફાઉન્ડ, અધર ઈન્ટરવેશન, શેલ્ટર, પ્રોટેકશન ફોર એબ્યુસ જેવી કેટેગરીના કેસ હતા. જેમાં ૨૩ કેસનું નિરાકરણ આવ્યું હતું જ્યારે ૧૪ કેસની કામગીરી ચાલી રહી છે.

ડીસેમ્બર અને જાન્યુઆરી-૨૦૧૯ આ બે મહિના બાલસેના કાર્યક્રમ ખૂબ જ વ્યસ્ત રહ્યા હતાં. આ બે મહિના દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.



- ૨૨ ડીસેમ્બરના રોજ બાલસેનામાં જોડાયેલ કિશોર બાળકોનું કિશોર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કિશોરાવસ્થામાં થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં લઈ જેન્ડર અને સલામતીના મુદ્દાઓ આધારિત પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. જેમાં શહેરના અલગ-અલગ વિસ્તાર અને શાળાના ૧૯૬ કિશોરો ઉપસ્થિત રહ્યા હતા. પ્રવૃત્તિઓ પછી આયોજિત સમૂહ કાર્યક્રમમાં જિલ્લા બાલ સુરક્ષા અધિકારીશ્રી નવઘણભાઈ તથા ગુજરાતી ભવનના વડા ડૉ. મહેન્દ્રસિંહ પરમાર તથા સરકારી હૉસ્પિટલના સાઈક્રીયાટ્રીક વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ પંચાલે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કરવા ઉપરાંત સલામતી અંગેની વાતો કરી હતી.
- ૩૦ ડીસેમ્બરના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ કિશોરી સંમેલન સલામતી અને સ્વરક્ષણના મુદ્દાઓને લઈને પ્રવૃત્તિઓ સાથે યોજવામાં આવ્યું હતું. જેમાં ૩૨૬ કિશોરીઓ ઉપસ્થિત રહી હતી. આ બન્ને સંમેલન માટે રામવાડીનો સ્થળ માટે ઉમદા સહયોગ પણ મળ્યો હતો.
- ૨૦ જાન્યુઆરીના રોજ શૈશવ પ્રેરિત બાળકોના સ્વાયત સંગઠન બાલસેનાનો ૧૬મો વાર્ષિકોત્સવ શામળદાસ આર્ટસ કોલેજના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ વાર્ષિક કાર્યક્રમ વિશિષ્ટ હતો. પૂ.ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિને ધ્યાનમાં લઈ બાળકો ગાંધીજીના જીવન અને કવનને સરળતાથી શીખે તે માટે શૈશવ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિશિષ્ટ રમતો અને જૂથ ચર્ચાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

  બાલસેનાના જુદા જુદા વિસ્તારમાં અને શાળામાંથી આવેલ ૬૩૦ ઉપરાંત બાળકોએ કાર્યકરની શરૂઆત કાળુભા રોડ પરથી રેલીથી કરી હતી. ભાવનગર બ્લડ બેંકના ટ્રસ્ટીશ્રી બાલદોસ્ત શ્રી સંજયભાઈ દેસાઈએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

  બાળકોએ રેલી સ્વરૂપે સ્થળ પર પહોંચવા પછી બાલસેના અને તરૂણસેનાના ધ્વજને સલામી આપી ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે પધારેલ જાણીતા સાહિત્યકાર અને બાલદોસ્ત શ્રી યશવંતભાઈ મહેતાના પ્રેરક ઉદ્‌બોધન બાદ બાલસેનાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષે કામગીરીનો અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ બાળકોને નાના-નાના જૂથમાં વહેંચીને પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી અને પૂ.ગાંધીજીને સમજવાનો અનોખો પ્રયાસ બાળકોએ કર્યો હતો. આ ઉપરાંત પ્રદર્શન નિહાળવાની સાથે રેંટિયાની કામગીરીને સમજ્યા હતા. જ્યારે પેપરપસ્તીમાંથી બોલપેન બનાવી ઉત્પાદકશ્રમની વિશિષ્ટતા સમજ્યા હતા.

  આમ સમગ્ર દિવસના કાર્યક્રમને બાળકોએ માણ્યો હતો. આ પ્રસંગે લોકભારતી સંસ્થાના પીટીસી અને બીએડના ૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પ્રવૃત્તિઓ સાથે જોડાઈ સ્વયંસેવક તરીકે અમૂલ્ય સહયોગ આપ્યો હતો.
- આ બે મહિના દરમ્યાન ૭૦૦ ઉપરાંત બાલસેનાના બાળકોએ રેલ્વે સ્ટેશન, બાલવાટિકા ઉપરાંત પુસ્તકોની અનોખી શોપ-લોકમિલાપની મુલાકાત ઉપરાંત સૌરાષ્ટ્ર-દૈનિકના કાર્યાલયની મુલાકાત લઈ સમગ્ર છાપાની દુનિયાની જાણકારી પ્રત્યક્ષ મુલાકાતો દ્વારા મેળવી હતી.
- બાલસેનાની નિયમિત પ્રવૃત્તિઓ દર અઠવાડિયે બાળકોના પોતાના ઘર આંગણે અને શાળાઓમાં યોજાતી હોય છે. આ બે

મહિના દરમ્યાન ૨૯૯૧ બાળકો જીવન કૌશલ્યો શીખવતી મૈત્રીની રમતો દ્વારા ટીમ બિલ્ડીંગ, કમ્યુનિકેશન જેવા મુદ્દાઓ શીખ્યા હતા.

- બાલસેનામાં કિશોરાવસ્થાના ફેરફારોને લઈને કિશોર-કિશોરી મંડળની પ્રવૃત્તિઓ નિયમિત ચાલતી હોય છે.આ અનુસંધાનમાં ૧૩૭ કિશોર અને ૧૫૦ કિશોરીઓ સાથે નિયમિત અભ્યાસક્રમના ભાગરૂપે ઈચ્છા અને જરૂરિયાતો, મૂલ્યો અને જીવન જેવા મુદ્દાઓ પર પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.
- આ ઉપરાંત કિશોર-કિશોરી મેળામાં ભાવનાઓ અને લાગણીઓ અંગે પ્રવૃત્તિઓમાં ૧૭૩ કિશોર-કિશોરીઓએ ભાગ લીધો હતો.
- ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ નેતૃત્વના ગુણો અને નેતૃત્વની અસરકારક કામગીરીના મુદ્દાને લઈને યોજાયેલ શિબિરમાં ૭૬ સક્રિય બાલસભ્યોએ ભાગ લીધો હતો.
- કચરાનું વર્ગીકરણ અને તેના ઉપયોગો અંગે તથા કમ્યુનિકેશન અંગેની એક દિવસ તાલીમ શિબિરમાં ૩૪૭ બાળકોએ ભાગ લીધો હતો.
- ૧૨ જાન્યુઆરી બાલસેનાનો સ્થાપના દિવસ, આ નિમિત્તે બાલસેના કાઉન્સીલ અને સક્રિય સભ્યો સાથે બાલસેનાની શરૂઆત અને કાર્યો અંગેની વાત, માળખુ અને જવાબદારીઓ જેવા મુદ્દાઓ પર શિબિર યોજવામાં આવી હતી જેમાં ૧૩૬ બાળકોએ ભાગ લીધો હતો.






**શૈશવ : બી-૩, સરદાર પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧,**

**ફોન નં. : ૦૨૭૮-૨૫૬૮૫૬૧**

**email : info@shaishavchildrights.org**

**www.shaishavchildrights.org**